# 1 ટીકાનો જવાબ

જર્મનીમાં એક મહાન કવિ થઈ ગયા. નામ એનું મહાકવિ ગેટે. તેઓએ ઘણી કૃતિઓની રચના કરી છે. તેમાંની 'ફાઉન્ટ' નામની એક કૃતિ વિશ્વની મહાન કૃતિઓમાંની એક ગણાય છે.

આ મહાકવિ ગેટે મહાકવિ કાલિદાસની કૃતિ 'અભિજ્ઞાન શાકુંતલ' વાંચી એટલા આનંદવિભોર થઈ ગયા હતા કે તેને માથા પર મૂકી ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા.

આ કવિના જીવન ઝરમરની અનેક વાતો છે. જ્યારે આ કવિની પહેલી કૃતિ પ્રગટ થઈ ત્યારે ગેટેને વિશ્વાસ હતો કે મારી આ કૃતિના ખૂબ વખાણ થશે, વિવેચકો તેને હર્ષભેર વધાવશે. પરંતુ પરિણામ કંઈક જુદું જ આવ્યું. વિવેચકોએ તેમની કૃતિના વખાણ કરવાને બદલે ટીકા કરી. જુદા જુદા વિવેચકો દ્વારા તેમની કૃતિની ટીકા થવા લાગી. પરંતુ ગેટે શાંત હતા. તેઓએ આ ટીકાનો કશો જ જવાબ આપ્યો નહીં. તેમના વાચકો અને મિત્રોને ખૂબ જ નવાઈ લાગી. તેઓએ વિચાર્યું, "કવિ ગેટે આ ટીકાનો કેમ જવાબ આપતા નથી. ખરેખર તો તેઓએ જડબાતોડ જવાબ આપીને વિવેચકોની બોલતી બંધ કરી દેવી જોઈએ."

તેથી તેઓ કવિ ગેટેને મળવા માટે ગયા. તેઓએ કહ્યું, "મિત્ર, તમે શા માટે આ ટીકાનો જવાબ આપતા નથી. અમારાથી તમારી કૃતિની આ ટીકા સહન થતી નથી. તમે કંઈક જવાબ તૈયાર કરો."

મહાકવિ ગેટેએ શાંતિથી પોતાના મિત્રો અને સ્નેહીઓને સાંભળ્યા. પછી ધીરેથી કહ્યું, "તમારી વેદનાને હું સમજી શકું છું. પરંતુ કૂતરો જ્યારે ભસતો હોય ત્યારે તેની સામેથી ખસી જવામાં જ આપણી ભલાઈ રહેલી છે. જો આપણે પણ તેમની સામે ભસીએ તો આપણામાં ને કૂતરામાં ફરક શો? હું માનું છું કે મારી કલમ આવી ટીકાનો વિવાદ કરવામાં ક્યારેય ન વપરાવી જોઈએ!"

## પાથેય

મહાન પુરુષ એ છે જે પોતાના તરફ ફેંકવામાં આવેલા પથ્થરોમાંથી પગથિયાં બનાવી જાણે. વખાણના સમયે મનને ચોક્કસ સ્થિર રાખી શકાય, પરંતુ ટીકાના સમયે જે સ્થિર રહી શકે તેમનું નામ મહાનતાના લિસ્ટમાં આપોઆપ એડ થઈ જાય છે.



# 2 દઢ મનોબળની તાકાત

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે છ હજાર રતલના વજનનો હાથી પોતાની છાતી પર રાખી શકે?

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે પચ્ચીસ હૉર્સ પાવરની બે મોટરને સામસામી જતી રોકી શકે? અને એ પણ એક-બે વાર નહીં, પૂરા તેર વખત!!

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે પોતાની છાતી પર ત્રણથી ચાર હજાર રતલનો પથ્થર મુકાવી એના પર વજનદાર ઘણના ઘા કરાવી શકે?

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે ત્રણથી ચાર હજાર રતલનો પથ્થર ફક્ત એક જ આંચકાથી દૂર ખસેડી શકે?

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે ચાલીસ માણસોથી ભરેલા બે ગાડાંને આસાનીથી ખેંચી શકે?

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે છાતી ફુલાવીને લોખંડની મજબૂત સાંકળ તોડી શકે?

તમે એવી કોઈ વ્યક્તિનું નામ સાંભળ્યું છે કે જે પોતાની છાતી છત્રીસ ઇંચ નહીં પરંતુ પૂરા છપ્પન ઇંચ ફુલાવી શકે?

નહીં ને?

આ કોઈ કલ્પના નથી પરંતુ ભારતના વીરપુરુષોમાં જેની ગણના થાય છે એવા વીર રામમૂર્તિએ ઉપર્યુક્ત તમામ હકીકત પોતાના જીવનમાં ચરિતાર્થ કરી હતી.

બાળપણમાં તેમનું શરીર નિર્બળ હતું. પરંતુ કસરતથી શરીર એવું મજબૂત બનાવ્યું કે ફક્ત સોળ વરસની ઉંમરમાં તેઓ નાળિયેરીને ફક્ત ખભો મારતા અને નાળિયેરીમાંથી નાળિયેર ટપોટપ પડવા લાગતા.

એકવાર તેઓ બહેરામપુરામાં હતા. તેવામાં સમાચાર મળ્યાં કે એક ખૂંખાર વાઘ પાંજરામાંથી છૂટી ગયો છે. રામમૂર્તિ તરત જ આ વાઘ સામે દોડ્યા. મોતને સામે ચાલીને તાલી આપવાની હતી. પરંતુ ડરે તો રામમૂર્તિ શાના? વાઘ દોડતો દોડતો એક તબેલામાં ઘૂસ્યો. રામમૂર્તિને જોતા વાઘ હુમલો કરવા તૈયાર થયો. પરંતુ રામમૂર્તિએ સામેથી ધસી આવતા વાઘને પોતાની બાથમાં પકડી જમીન પર દબાવી દીધો. એક નરવીરે વનવીર પર વિજય મેળવ્યો.

બહેરામપુરાના લોકો આ વીર રામમૂર્તિને મનોમન વંદી રહ્યા.

**પાથેય**

ભલે મરી જવાય પણ રામમૂર્તિ નિષ્ફળતા તો ભોગવવાનો જ નહીં. એકાગ્રતા અને દઢ મનોબળ એ મારા વિજયની ચાવી છે.

- વીર રામમૂર્તિ

# 3 મહાકવિ કાલિદાસની વિદ્વત્તા

કવિ કાલિદાસ એટલે સંસ્કૃત સાહિત્યાકાશમાં સિતારાની જેમ ચમકતું એક નામ. તેઓએ કુલ ચાર મહાકાવ્યો અને ત્રણ નાટકો લખ્યા છે. આ પુસ્તકો સંસ્કૃત સાહિત્યમાં અજોડ માનવામાં આવે છે. આ ચાર મહાકાવ્યોમાં 'મેઘદૂતમ્', 'ઋતુસંહારમ્', 'કુમારસંભવમ' અને 'રઘુવંશમ્'નો સમાવેશ થાય છે જ્યારે ત્રણ નાટકોમાં 'અભિજ્ઞાન શાકુંતલમ્' 'વિક્રમોર્વર્શીયમ' તથા 'માલવિકાગ્નિમિત્રમ્'નો સમાવેશ થાય છે. લગભગ ચોથી સદીમાં તેમનો અસ્તિત્વકાળ માનવામાં આવે છે.

એવું કહેવાય છે કે શરૂઆતમાં કાલિદાસ પાસે સંસ્કૃતનું જ્ઞાન નહિવત્ હતું. તેમની પત્નીનું નામ વિદ્યોત્તમા હતું. નામ પ્રમાણે જ તેનામાં ગુણ હતા. તે ખૂબ જ વિદ્વાન અને બુદ્ધિશાળી હતી. એક વાર રસ્તામાંથી ઊંટ પસાર થયું. આ ઊંટને કાલિદાસે જોયું પરંતુ 'ઉષ્ટ્ર' શબ્દ બોલતા ન આવડ્યો. તેથી તેની પત્નીએ ખૂબ કડવા વેણ તેમને કીધા. તેથી તેણે સંકલ્પ કર્યો કે હવે પોતે સંસ્કૃતમાં વિદ્વાન બનશે.

તેણે ઘર છોડ્યું અને કાલિમાતાની આરાધના કરવા લાગ્યો. કાલિમાતાની તેના પર પ્રસન્નતા થઈ અને આ જગતને કવિકુલગુરુ કાલિદાસની ભેટ મળી. તેમની વિદ્વતાના અનેક પ્રસંગો જાણીતા છે.

એકવાર કાલિદાસ એક દરબારમાં ગયા. ઘણા વિદ્વાનો ત્યાં બેઠા હતા. આજ તેઓ કાલિદાસની કસોટી લેવા માંગતા હતા. તેથી પાદપૂર્તિ માટે એક પંક્તિ મૂકવામાં

આવી. પાદપૂર્તિ એટલે એક પંક્તિના ભાવાર્થને આધારે અન્ય પંક્તિઓની રચના કરવી. આ કામ ખૂબ જ સૂઝબૂઝ અને કલ્પના માંગી લે તેવું હોય છે.

પંક્તિ હતી : पिपीलिका चुम्बति चन्द्रबिम्बम् । કીડી ચંદ્ર ચંદ્રબિંબને ચૂમતી હતી. આ કેવી રીતે શક્ય બને?

પરંતુ કાલિદાસે ખૂબ જ સહજતાથી કાવ્યપૂર્તિ કરી.

"असज्जन सज्जन सङ्गात्
करोति दुःसाध्यमपि सुसाध्यम् ।
पुष्पाश्रयात शुंभुशिराधिरुढे
पिपीलिका चुम्बति चन्द्रबिम्बम् ॥"

દુર્જન વ્યક્તિ પણ સજ્જનના સંગથી અઘરું કામ સરળ બનાવી શકે છે. કીડી પુષ્પ ઉપર ચડી અને પુષ્પની મદદથી શિવજીના મસ્તક પર પહોંચી અને ચંદ્રને ચુંબન કર્યું. શંકર ભગવાનની જટા પર બીજનો ચાંદ છે જ. આવી અદ્ભુત કલ્પના સાંભળી સૌ વિદ્વાનો આફરીન પોકારી ઊઠ્યા.

## પાથેય

વિનય વિનાની વિદ્યા, દયા વિનાનું દાન, ભાવ વિનાની ભક્તિ અને સ્નેહ વિનાનું માન- આ ચારેય અફળ અને દુ:ખદાયી છે.

- મહાકવિ કાલિદાસ